દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ
બુધવાર ૨૮ ઓક્ટોબર, ૨૦૨૬

# અરુણાચલના સિયાંગ ડેમ પ્રોજેક્ટમાં ભારતે બહુ સાચવીને આગળ વધવું પડશે

તિબેટ પ્રદેશમાં ચીન બ્રહ્મપુત્રા નદી પર અતિ વિશાળ બંધ બાંધી રહ્યું છે અને આ બંધનો ઉપયોગ તે ભારતને ભીંસમાં લેવા પણ કરી શકે છે તેવા ભય વચ્ચે ભારત આ બંધ વડે કરી શકાય તેવા સંભવિત અટકચાળાઓનો સામનો કરવા માટે અરૂણાચલ પ્રદેશમાં બંધ બાંધવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે કઠણાઇ એ છે કે અરૂણાચલ પ્રદેશની સ્થાનિક પ્રજા દ્વારા જ આ બંધના પ્રોજેક્ટ સામે સખત વિરોધ થઇ રહ્યો છે. ચીનના બ્રહ્મપુત્રા નદી પરના મેગા-પ્રોજેક્ટ સામે ભારતનો પ્રસ્તાવિત ૧૧,૨૦૦ મેગાવોટનો સિયાંગ ડેમ વ્યૂહાત્મક બફર તરીકે રજૂ કરવામાં આવી રહ્યું છે. પરંતુ અરુણાચલ પ્રદેશના આદિવાસી આદિ સમુદાયના લોકો આ પ્રોજેક્ટ સામે વિરોધ કરી રહ્યા છે. શુક્રવાર, ૨૩ ઓક્ટોબરના રોજ આ વિરોધે ત્યારે એક કદરૂપું સ્વરૂપ ધારણ કર્યું જ્યારે દેખાવો હિંસક બન્યા. આ પ્રદેશમાં સ્થાનિક રાજકારણીઓના ઘરો, એક પોલીસ સ્ટેશન અને ડેમની અમલીકરણ એજન્સી નેશનલ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશન(NHPC)ની ઓફિસ પર તોડફોડ અને આગચંપીની ઘટનાઓ નોંધાઈ છે. હિંસાની ઘટનાઓના દિવસો પછી પણ અરુણાચલ પ્રદેશના ઈસ્ટ સિયાંગ જિલ્લામાં તણાવપૂર્ણ સ્થિતિ યથાવત છે અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.

સિયાંગ નદી તિબેટમાંથી નીકળે છે, અરુણાચલ પ્રદેશમાંથી આદિવાસી સમુદાયોની જીવાદોરી તરીકે વહે છે અને ત્યારબાદ અન્ય નદીઓ સાથે મળીને બ્રહ્મપુત્રા બનાવે છે, જે પછી આસામમાં પ્રવેશીને બાંગ્લાદેશમાં વહે છે. ચીન સામે પોતાની જળ સુરક્ષાને સુરક્ષિત કરવા માટે ભારતે પૂર્વી અરુણાચલ પ્રદેશના ઈસ્ટ સિયાંગ જિલ્લામાં અહીં જ ડેમ બનાવવાની યોજના બનાવી છે. વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરી રહેલી સમુદાયની સર્વોચ્ચ સંસ્થા 'આદિ બન્ને કેબાંગ'એ માગણી કરી છે કે SUMP( સિયાંગ અપર મલ્ટીપર્પઝ પ્રોજેક્ટ )ને રદ કરવામાં આવે અને પ્રી-ફિઝિબિલિટી રિપોર્ટને ફગાવી દેવામાં આવે. મુખ્યમંત્રી પેમા ખાંડુની આગેવાની હેઠળની અરુણાચલ પ્રદેશ સરકારે જ્યારે એમ કહ્યું કે તે NHPC દ્વારા ડેમ બાંધકામ માટે નદીની ફિઝિબિલિટી ચકાસવા માટેની પોતાની વાત પર અડગ છે, ત્યાર પછી વિરોધ પ્રદર્શનો અને હિંસા તથા આગચંપીની ઘટનાઓ બની હતી. હિંસા બાદ કેન્દ્ર સરકારે અરુણાચલ પ્રદેશમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ( CRPF )ની રેપિડ એક્શન ફોર્સની બે કંપનીઓ તૈનાત કરી છે.

કેન્દ્રનું કહેવું છે કે પ્રસ્તાવિત ડેમ એ બ્રહ્મપુત્રાના ઉપરવાસના પાણી પર ચીનના વધતા જતા નિયંત્રણ સામે એક વ્યૂહાત્મક રક્ષણ છે. બીજી તરફ, આદિ સમુદાયના વિરોધ કરી રહેલા સભ્યોનું કહેવું છે કે 'પવિત્ર નદી' પર ડેમની યોજના તેમની પૂર્વજોની જમીન, આજીવિકા, સાંસ્કૃતિક ઓળખ અને પેઢીઓથી તેઓ જે વાતાવરણમાં વસવાટ કરી રહ્યા છે તે સમગ્ર પ્રદેશ માટે જોખમ ઊભું કરે છે. ઇટાનગરના પત્રકાર ટોંગામ રીનાએ જણાવ્યું હતું કે, 'સિયાંગમાં કોઈપણ પ્રોજેક્ટનો વિરોધ લગભગ ૪૦ વર્ષથી ચાલી રહ્યો છે. તાજેતરના ડેમ પ્રોજેક્ટથી મોટા પાયે વિરોધ શરૂ થયો છે, અને છેલ્લા ત્રણ વર્ષમાં તે વધુ તીવ્ર બન્યો છે.' અરુણાચલ ટાઈમ્સ અખબાર સાથે કામ કરતા રીનાએ ઉમેર્યું, 'મુખ્યત્વે, અરુણાચલ પ્રદેશમાં મહિલા પ્રદર્શનકારીઓ પર પોલીસ દ્વારા ટીયર ગેસ છોડવાની કાર્યવાહીથી યુવાનો ગુસ્સે ભરાયા હતા.' નિષ્ણાતોના મતે, પ્રસ્તાવિત સિયાંગ ડેમ માત્ર હાઇડ્રોઇલેક્ટ્રિક પાવર ઉત્પન્ન કરવા માટે નથી. તે ડેમના વ્યૂહાત્મક મહત્વ વિશે છે. ડેમ તે વિશે પણ છે કે નદી પર કોનું નિયંત્રણ છે અને વિકાસનું જોખમ કોણ ઉઠાવે છે. જુલાઈ ૨૦૨૫માં, ચીને તેના તિબેટ સ્વાયત્ત પ્રદેશની મેડોંગ કાઉન્ટીમાં એક વિશાળ હાઇડ્રોપાવર ડેમનું નિર્માણ શરૂ કર્યું. આ એક એવો ઝોન છે જે ભૂકંપની દ્રષ્ટિએ સંવેદનશીલ છે, અને આ વિશાળ ડેમના નિર્માણને નિષ્ણાતો દ્વારા વોટર બોમ્બ તરીકે ઓળખવામાં આવ્યો છે. ભારત અને બાંગ્લાદેશ માટે ચિંતાની વાત એ છે કે ઉપરવાસમાં રહેલો દેશ નીચાણવાળા વિસ્તારોમાં વહેતા પાણીના સમય અને જથ્થાને પ્રભાવિત કરી શકે છે. ગયા વર્ષે, પાકિસ્તાને સિંધુ જળ સંધિ સ્થગિત કર્યા પછી ચીન દ્વારા ત્સાંગપો-બ્રહ્મપુત્રા પ્રણાલીના પ્રવાહને નિયંત્રિત કરવાની સંભાવના વ્યક્ત કરી હતી. ચીન દ્વારા પાણીના પ્રવાહમાં ફેરફાર, સંભવિત ડાઇવર્ઝન અને અચાનક પાણી છોડવાથી ભારત માટે પૂર વ્યવસ્થાપન અને જળ સુરક્ષા પર અસરો પડી શકે છે. દરમિયાન, ભારતની વ્યૂહાત્મક ચિંતા એ છે કે તે નદીના પ્રવાહમાં થતા ફેરફારો સામે અસજ્જ રહેવા માંગતું નથી. અહીં જ SUMP પ્રવેશે છે, જે હાલમાં ભારે વિરોધનો સામનો કરી રહ્યો છે. કેન્દ્ર સરકાર સિયાંગ પ્રોજેક્ટને સંભવિત બફર તરીકે જુએ છે, જે પાણી સંગ્રહ કરવા અને નીચાણવાળા પ્રવાહમાં અચાનક થતા વધઘટને નિયંત્રિત કરવા સક્ષમ છે. ભારતે આ બાબતમાં બહુ સાચવીને આગળ વધવું પડશે. સ્થાનિક સમુદાયોને સમજાવીને, તેમને વૈકલ્પિક જમીનો આપીને, વિશ્વાસમાં લઇને આગળ વધવું પડશે. નહીંતર ચીન આ અસંતોષનો પણ લાભ ઉઠાવી શકે છે.

# બાળઉછેરનો આધાર જૈવિક અને સામાજિક સ્થિતિ બને છે

શાળા વૅકેશનના ભાગ રૂપે ભૂલકાંભવનમાં વાલી મેળાવડાનો એક કાર્યક્રમ હતો. વાલીઓ પોતાનાં સંતાનોને લઈ આવેલાં. કાર્યક્રમના પ્રારંભે બાલમંદિરના સંચાલક શ્રી વીરેન્દ્રભાઈએ જણાવ્યું કે બાળકોના પ્રથમ પાંચ વર્ષના ઉછેર દરમ્યાન શરીર અને બુદ્ધિના પરસ્પર સંબંધો વિકસે છે. આથી જો મા-બાપ પોતાના બાળકને મારે છે તો બાળક તિરસ્કાર કરતું થઈ જાય છે અને જો બાળકને આવકાર મળે તો બાળક પ્રેમાળ બને છે. કાર્યક્રમનો બીજો ભાગ બાળકો માટે હતો. ઉપસ્થિત વાલી પૈકીના શ્રી સતીષભાઈ પોતાના ઘેર પાળેલા પોપટને લાવેલા. પોપટ બોલીનું પ્રદર્શન કરનાર હતો. પ્રથમ તેઓએ પોતાનો પોપટ શું શું બોલે છે તે શ્રોતાઓને કહ્યું અને પછી તો શી કમાલ! પોપટ બોલે અને સાંભળનાર તરત કહી દે. પોપટ માસી બોલે છે. બીટ્ટુ બોલે છે, કોણ છે? એવું બોલે છે.

કાર્યક્રમના અંતે એક બાળકે પોતાની આગવી શૈલીમાં વાર્તા કહી. વાર્તા એક સિંહની હતી કે જે સિંહ ત્રણ પેઢીથી (પાલતુ પ્રાણી માટેના) જૂનો નિવાસી હતો. સિંહની દિનચર્યા વર્ણવતાં સહદેવે પાંજરામાં અપાતા ખોરાક ઉપર સિંહ કેવી રીતે કૂદે છે તે કરી બતાવ્યું ત્યારે વાલીઓ પણ જકડાઈ રહ્યાં. વાર્તાનો સિંહ એક વખત બગીચાના મૅનેજરની રજા લઈ જંગલમાં નીકળી પડે છે. પણ રે! સિંહભાઈને તો જંગલમાં બહુ મુશ્કેલી થઈ. ન છલાંગ મારતાં આવડે, ન ઝાડીમાં લપાતાં આવડે, ન હવાનો રૂખ પારખતાં આવડે અને એક દિવસ વિલા મોંઢે સિંહભાઈ પોતાના પાંજરામાં ભૂખ્યા પેટે પાછા ફર્યા ને વાર્તા પૂરી કરતાં સહદેવે કહ્યું, જેનો જેવો ઉછેર તેની તેવી દુનિયા, ભૂલકાં ભવનની એક સાંજ પૂરી થઈ પણ બાળઉછેર અંગે એક બાળકનું વિધાન નવો વિચાર રોપી ગયું.

દુનિયાનાં પૃષ્ઠો ઉપર પ્રેમ અંગે ઘણું છપાયું છે. પરંતુ તાજેતરમાં એક જૈવિક રાસાયણિક પ્રક્રિયા તરીકે પ્રેમ અંગે જે સંશોધનો ઉપલબ્ધ બન્યાં છે તે જોતાં તો સ્પષ્ટ થાય છે કે પ્રેમ એ માનવીય ચેષ્ટાથી પર તેવી સાર્વત્રિક રાસાયણિક ઘટના બની રહે છે. જૈવિક રસાયણશાસ્ત્રના સંશોધનમાંથી કદાચ ફલિત થઈ રહ્યું છે કે બાળકના ઉછેરમાં જેટલો ખોરાક તરીકે રાસાયણિક પ્રક્રિયાનો ફાળો છે તેથી ઘણો ઓછો ફાળો મા-બાપના ઉછેરની તરાહનો હોય છે. બીજી તરફ મેડમ મોન્ટેસોરીથી શરૂ કરી આપણા બાળશિક્ષણકારોએ બાળકની અભિવ્યક્તિ તથા વર્તનને મોટેરાંઓના વ્યવહારની પ્રતિક્રિયા આડઅસર તરીકે ગણ્યું છે અને યુવકના અસંગત સામાજિક વર્તન માટે વાલીને જવાબદાર ગણવામાં આવ્યાં છે. પરંતુ અહીં બાળકના સામાજિકીકરણ સાથે મા-બાપ કે કુટુંબના વાતાવરણ ઉપરાંત જે જે ઘટનાઓ ભળે છે તેને અનદેખી કરી દેતાં બાળકોના ઉછેર સંબંધે વાલીઓના વર્તન સાથેનો કાર્યકારણનો સંબંધ અર્ધસત્ય બની જાય છે. બાળક વિશાળ સામાજિક વ્યવસ્થાનું અંગ બની રહે તે માટે તેની દરકાર રાખનાર વ્યક્તિ પાસે કેટલીક સહજ અપેક્ષા હોય છે. પરંતુ આ અપેક્ષાઓને ઘસી-માંજી, કેટલાક બાળશિક્ષણકારોએ બાળકમાં ઈશ્વરનું દર્શન આપ્યું અને સામા પક્ષે, તેના ઉછેર કરનાર વાલીઓમાં પાર વિનાની અણઆવડત રહી છે તેવું કહેવામાં આવ્યું. બાળશિક્ષણકારો તો ત્યાં સુધી કહે છે કે બાળક એક માટીના પિંડ જેવો છે અને મા-બાપ અને શિક્ષક એક કુશળ કારીગર માફક તેના જીવનને ઘાટ આપી શકે છે. આ વિચાર માટી અને કુંભારી કામ માટે સહસંબંધ રજૂ કરે છે. પણ માણસ જેવી જૈવિક રાસાયણિક પ્રક્રિયા પર આધાર રાખતાં તેમજ અનેક અનુભવોનો સંચય કરીને કાર્યાન્વિત થતા દેહ માટે વાપરી શકાય નહીં. જેના પ્રમાણરૂપે આજે આપણા દેશના ઈતિહાસમાં અનેક તેજસ્વી વ્યક્તિઓનું જીવનકાર્ય મોજૂદ છે, જેમનો ઉછેર અત્યંત પ્રતિકૂળ સ્થિતિમાં થયેલો. બાળક અને વાલીઓના વર્તનનો સહસંબંધ હોત તો આજે યુરોપ અને અમેરિકાની સામાજિક વ્યવસ્થા તૂટી પડી હોત.

શરીરવિજ્ઞાન સંબંધે તાજેતરના સંશોધનથી ફલિત થઈ રહ્યું છે કે શરીરનો પોતાનો રસાયણ ધર્મ હોય છે તે, તેનો આણવિક ધર્મ પણ હોય છે. જે બાબતો માણસના

## અવારનવાર

**ડો.નાનક ભટ્ટ**

> **આપણા બાળશિક્ષણકારોએ બાળકની અભિવ્યક્તિ તથા વર્તનને મોટેરાંઓના વ્યવહારની પ્રતિક્રિયા આડઅસર તરીકે ગણ્યું છે અને યુવકના અસંગત સામાજિક વર્તન માટે વાલીને જવાબદાર ગણવામાં આવ્યાં છે**

વર્તનને નક્કી કરવામાં મહત્ત્વનો ફાળો ભજવે છે. આ સામે આપણે માતાપિતા કે બાળકની સંભાળ રાખનાર વ્યક્તિ પાસે જે વર્તન ગુણવત્તાની અપેક્ષા રાખીએ છીએ તેનું, બાળકના જીવન માટે તો અનુકરણથી કંઈ વધુ મહત્ત્વનું નથી. આ વાત એક જૈવિક વર્તન સ્વરૂપે બાળ પ્રદર્શનમાં પોપટે પણ રજૂ કરી. આપણે સહુ આપણા બાળપણને મળેલા વાર્તાઓના વારસાથી જ બોધ-તત્ત્વની વાંછના કરતા હોઈએ છીએ. વાર્તાઓના અંત ભાગે પ્રસ્તુત થતું બોધ-તત્ત્વ અને અનુકૂલનનો ભાગ હોય છે અને કંઈક અંશે સુખદ પરિણામલક્ષીય હોય છે. પરંતુ સમગ્ર સૃષ્ટિ ઉપર નિવાસ કરતા જીવનસમૂહના પરિપ્રેક્ષ્યમાં બોધતત્ત્વમાં કંઈ સાર હોતો નથી અને આથી પાંજરામાં પણ સિંહ સુખી હોઈ શકે છે તે વાતનો સ્વીકાર કરવામાં કશું ખોટું નથી.બાળશિક્ષણ સંબંધે ચિંતન કરનાર લોકોએ બાળકના ઉછેરને મા-બાપના પરિપ્રેક્ષ્યમાં વિચારનો એકાંગી પ્રયત્ન બદલવો જોઈએ અને આજે તો શહેરી સમાજ-વ્યવસ્થાની દોડધામમાં વાલીઓ બાળઉછેરના કાર્યમાં વધુ સમય વિતાવી શકે તેવી સામાજિક અનુકૂળતા પણ નથી. શહેરીકરણની આડઅસર સાથે આજે અનેક લોકો વહેલી સવારે ટ્રેન કે બસ માર્ગે મુસાફરી કરી પોતાના નિવાસથી ૫૦-૭૫ માઈલ દૂરના સ્થળે વ્યવસાય કરવા જાય છે. વીજળી, આવાસ અને પાણી તથા આરોગ્ય પ્રશ્નોનાં કારણો કુટુંબના અસ્તિત્વને ટકાવી રાખવાનું કામ પણ મા-બાપ માટે અનિવાર્ય બની રહે છે. સાથોસાથ દિનપ્રતિદિન વધતી મોંઘવારીના કારણે ઘરની એક કરતાં વધુ વ્યક્તિઓએ અર્થ ઉપાર્જનમાં રહેવું પડે છે. આ સ્થિતિમાં મા-બાપ ઉપર દોષનો ટોપલો ઓઢાડી દેવા કરતાં બાળકોના ઉછેરની વાત સમગ્ર રીતે વિચારવી પડશે અને સ્વસ્થ વ્યક્તિઘડતર માટે સ્વયંભૂ વાતાવરણ તૈયાર કરવા વિચાર મૂકવો પડશે. શહેરીકરણ આસપાસ ઊભી થયેલી સ્થિતિ જોતાં જણાય છે કે શહેરોની ઝૂંપડપટ્ટીમાં વસતાં બાળકો તેમજ શહેરોમાં સ્થળાંતર કરી કામચલાઉ નિવાસ કરતાં શ્રમિકોનાં બાળકો કે જેઓને શિક્ષણ સાથે આર્થિક પ્રવૃત્તિઓ આપવી અનિવાર્ય બને છે તેમના ઉછેર માટે સમાજ અને સરકાર વિચારાશે નહીં, તો મોન્ટેસરી પદ્ધતિની હિમાયત સૈદ્ધાંતિક રહી જશે અને બાળકોના ઉછેરમાં જોવાતું રાષ્ટ્રનું ભવિષ્ય ધૂંધળું બની જશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## સાચો નિર્ણય



રાજદરબારમાં એક દિવસ બે પદાધિકારીઓ વચ્ચે વિવાદ થયો. બે અધિકારીઓ વિરુદ્ધ ફરિયાદો આવી હતી.એક ગામના અધિકારી તરફ લોકોની ફરિયાદ હતી કે તેમને ગરીબ પ્રજા પર કરનો ભાર નાખ્યો હતો અને બીજા ગામના અધિકારી તરફ રાજકોશના અધ્યક્ષની ફરિયાદ હતી કે તેમણે રાજકોશમાં ઓછી આવક જમા કરાવી હતી.

પહેલા અધિકારીએ રાજાને મોટો નફો અપાવ્યો હતો, પરંતુ તે માટે ગરીબ વેપારીઓ પર ભારે કર લાદ્યો હતો. બીજા અધિકારીએ ઓછો નફો આપ્યો હતો, પરંતુ વેપારીઓને મુશ્કેલીમાં મૂક્યા વિના રાજ્યની આવક વધારી હતી. રાજાએ મહામંત્રીને પૂછ્યું, 'આ બંનેમાંથી વધુ યોગ્ય રીત ક્યાં અધિકારીની છે અને કોઈની ભૂલ છે?'

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

મહામંત્રીએ તરત નિર્ણય આપ્યો નહીં. તેણે બંનેને પૂછ્યું, 'તમારા નિર્ણયથી કોને લાભ થયો અને કોને નુકસાન?' પ્રથમ અધિકારીએ ગર્વથી કહ્યું, 'મારા કામ અને નિર્ણયથી રાજ્યની તિજોરી વધારે ભરાઈ છે.મેં રજના હિતમાં જ કામ કર્યું છે.' મહામંત્રીએ ફરી પૂછ્યું, "અને જે વેપારીઓ પર કર ચૂકવવા માટે વધુ ભાર આવ્યો તેમનું શું?" અધિકારી પાસે તેનો કોઈ જવાબ ન હતો તે ચૂપ રહ્યો. બીજા અધિકારીએ કહ્યું, 'મેં આવક વધારવા માટે કરનો બોજ વધાર્યો નથી છતાં થોડી આવક તો થઈ જ છે કારણ કે મેં બજારમાં અને આવન જાવનમાં અનાજનો જે બગાડ થતો હતો તે બંધ કરાવ્યો અને તે અનાજની આવક વધી છે.' મહામંત્રીએ રાજાને કહ્યું, 'મહારાજ, આંકડા પરિણામનો એક ભાગ બતાવે છે. નિર્ણયની સાચી અસર જાણવા માટે એ પણ જોવું પડે કે એ પરિણામ સુધી પહોંચતાં કોની શક્તિ ઘટી અને કોની વધી.' રાજાએ બંને યોજનાઓની ફરી તપાસ કરાવી.

તેને સમજાયું કે પ્રથમ અધિકારીની યોજના તાત્કાલિક રાજકોષની આવક વધારતી હતી, પરંતુ વેપારીઓની આર્થિક સ્થિતિ નબળી કરતી હતી. બીજી યોજના ધીમી હતી, પણ લાંબા ગાળે બજારને અને વેપારીને મજબૂત બનાવતી હતી અને રાજકોષમાં પણ આવક વધારતી હતી. મહામંત્રીએ રાજાને કહ્યું, 'સારો નિર્ણય એ નથી જે આજે સૌથી મોટો આંકડો આપે. સારો નિર્ણય એ છે જે આવતી કાલે પણ ન્યાયસંગત રહી શકે." રાજાએ બીજી યોજનાને વિસ્તૃત કરી અને પ્રથમ અધિકારીને પોતાની નીતિ સુધારવાની જવાબદારી આપી.

# શું U.S અને ઈરાન વચ્ચે ફરી યુદ્ધ થશે?

ઘણાં ઈરાનીઓ એક પૂર્ણ-કક્ષાના યુદ્ધની તૈયારી કરી રહ્યાં છે. બંને દેશોમાં આગામી ચૂંટણીઓ પહેલાં ઈઝરાયેલ અને યુએસના નેતાઓ પોતાની ધમકીઓને વધુ તીવ્ર બનાવી રહ્યા છે, જ્યારે ઈરાનના નેતાઓ વધતા દબાણ છતાં ઝૂકવા તૈયાર નથી.

ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂનું કહેવું છે કે, ઈરાનના નેતૃત્વનો સફાયો થવો જોઈએ. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધ શરૂ થયાના આઠ મહિના પછી ઈરાનમાં 'કામ પૂરું કરવાની' ખાતરી આપી છે. અમેરિકા ઈરાન સામે મોટા આક્રમણની તૈયારી કરી રહ્યું હોય તેવું લાગે છે. ત્રીજું એરક્રાફ્ટ કેરિયર અને હજારો સૈનિકો આ ક્ષેત્રમાં આવી રહ્યા છે. કેટલાંક લોકોને ડર છે કે 3 નવેમ્બરના રોજ યુએસ મિડટર્મ ચૂંટણીઓ પછી તરત જ હુમલા થઈ શકે છે. જો નવેસરથી યુએસ-ઈરાન યુદ્ધ ફાટી નીકળે અથવા વધુ તીવ્ર બને તો ભારતને ગંભીર આર્થિક, ઊર્જા અને ભૌગોલિક-રાજનૈતિક દબાણનો સામનો કરવો પડી શકે છે. ક્રુડ ઓઈલના ભાવ ઊંચા રહેવા અને હોર્મુઝની સામુદ્રધૂની આસપાસના વિક્ષેપો સાથે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વધતા ફુગાવાનાં જોખમો, ઉચ્ચ ઊર્જા ખર્ચ અને સપ્લાય ચેઈન દબાણ અંગે ચેતવણી આપી છે. સપ્ટેમ્બરમાં પશ્ચિમ એશિયામાંથી ભારતની ક્રુડ ઓઈલની આયાતમાં મોટો ઉછાળો આવ્યો હતો, જે યુદ્ધ પહેલાંના સ્તરે પહોંચી ગઈ હતી, જ્યારે ચીન સાથેની સખત સ્પર્ધા વચ્ચે તેના રિફાઈનરોએ રશિયન તેલની ખરીદીમાં કાપ મૂક્યો હતો.

ઈરાન યુદ્ધને કારણે સર્જાયેલા પુરવઠાના અવરોધોને હળવા કરતાં પશ્ચિમ એશિયાના ઉત્પાદકો અને વેપારીઓએ હોર્મુઝની સામુદ્રધૂની દ્વારા શિપમેન્ટમાં વધારો કર્યો હોવાથી રિફાઈનરોએ સ્પોટ કાર્ગો ખરીદ્યો હતો. જો યુદ્ધ ફરી શરૂ થશે તો બધું જ પ્રભાવિત થશે.ટોચના ઈરાની અધિકારીઓએ જણાવ્યું છે કે, જો યુએસ-ઈઝરાયેલ તરફથી કોઈ નવો હુમલો થશે તો ઈરાન ગલ્ફના 7 જેટલા દેશોમાં તેલ સુવિધાઓ, અંડરસી કેબલ્સ, ડેટા સેન્ટર્સ અને એઆઈ સુવિધાઓ પર હુમલો કરશે.। ઈરાનનું નેતૃત્વ માને છે કે, યુએસ મિડટર્મ ચૂંટણીનાં પરિણામો જે પણ આવે, ટ્રમ્પ સંભવતઃ નવા હુમલાનો આદેશ આપશે. ટ્રમ્પ છેલ્લા 4 મહિનામાં 7 વખત ઈરાન પર ફરીથી હુમલો કરવાથી પાછા હટ્યા છે. જો કે, રાજનૈતિક વાટાઘાટોમાં પડેલી મડાગાંઠને કારણે યુએસ સરકારી અધિકારીઓ એક સંભવિત સૈન્ય અભિયાન વિશે વાત કરી રહ્યા છે,

## ફિંગર પ્રિન્ટ

**શેખર ઐયર**

> **જુલાઈની શરૂઆતમાં ઈરાને હોર્મુઝની સામુદ્રધૂનીમાંથી પસાર થતાં જહાજોને ધમકી આપી હતી જે ઈરાનના મંજૂર માર્ગનો ઉપયોગ કરતા નથી અને ઈરાને કેટલાંક જહાજો પર હુમલા કરીને આ ધમકીઓને સાચી સાબિત પણ કરી**

જે મિસાઈલ સાઈટ્સ, તેલ સ્થાપનો અને પરમાણુ સાઈટ્સને લક્ષ્ય બનાવી શકે છે. ઈરાનની સરકાર કઠોર પ્રતિબંધોમાંથી રાહત ઈચ્છે છે. અગાઉના યુએસ-ઈઝરાયેલ હુમલાઓથી થયેલા નુકસાન માટે વળતર, અબજો ડોલરની ફ્રોઝન ઈરાની અસ્ક્યામતોની મુક્તિ અને તેના સમૃદ્ધ યુરેનિયમનો પુરવઠો રાખવાનો અધિકાર ઈચ્છે છે.

પાકિસ્તાન અને કતારના મધ્યસ્થીઓએ બંને પક્ષોને ફરીથી વાટાઘાટો તરફ લાવવા માટે રાજનૈતિક ઉકેલો આગળ ધપાવવામાં અઠવાડિયાંઓ સુધી કોશિશ કરી છે, પરંતુ કોઈ ફાયદો થયો નથી. નેતન્યાહૂ અને ટ્રમ્પ બંને માટે ઈરાન સાથેનું યુદ્ધ એક અપૂર્ણ વ્યવસાય બની રહ્યું છે. ઈરાનમાં ઈસ્લામિક શાસન સત્તા પર રહેલું છે. તેના નેતૃત્વે સૈન્ય હુમલાઓ અને પશ્ચિમ દ્વારા લાદવામાં આવેલી આર્થિક નાકાબંધી બંનેને અનુકૂળ થવામાં નોંધપાત્ર કુશળતા બતાવી છે. જો યુદ્ધ ફરી શરૂ થશે તો ઈરાનનું લક્ષ્ય માત્ર યુએસ સૈન્ય ઠેકાણાં પર હુમલો કરવાનો રહેશે નહીં, પરંતુ એરપોર્ટ જેવાં સોફ્ટ આર્થિક લક્ષ્યોને પણ નુકસાન પહોંચાડવાનો રહેશે જે ગલ્ફ દેશોને આવનારાં વર્ષો સુધી નબળાં પાડી શકે છે. 7 એપ્રિલના રોજ યુએસ અને ઈરાન યુદ્ધવિરામ માટે સંમત થયાં, જેને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાછળથી લંબાવ્યો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ પણ 13 એપ્રિલના રોજ ઈરાની બંદરોની નૌકાદળ નાકાબંધી શરૂ કરી હતી. જૂનની શરૂઆતમાં ઈઝરાયેલ અને ઈરાન અને ત્યાર બાદ યુએસ અને ઈરાન વચ્ચે દુશ્મનાવટ તીવ્ર બનવા લાગી. જો કે, વોશિંગ્ટન અને તેહરાન પછી એક એમઓયુ પર સંમત થયા, જેના પર યુએસ અને ઈરાની પ્રમુખોએ 17 જૂનના રોજ હસ્તાક્ષર કર્યા. બંને પક્ષો 'લેબનોન સહિત તમામ મોરચે સૈન્ય કામગીરી બંધ કરવા', ઈરાન પરથી યુએસ નૌકાદળ નાકાબંધી હટાવવા અને અન્ય પગલાં ઉપરાંત, ઓછામાં ઓછું અસ્થાયી રૂપે હોર્મુઝની સામુદ્રધૂની ફરીથી ખોલવા માટે સંમત થયા. જુલાઈની શરૂઆતમાં ઈરાને હોર્મુઝની સામુદ્રધૂનીમાંથી પસાર થતાં જહાજોને ધમકી આપી હતી જે ઈરાનના મંજૂર માર્ગનો ઉપયોગ કરતા નથી અને ઈરાને કેટલાંક જહાજો પર હુમલા કરીને આ ધમકીઓને સાચી સાબિત પણ કરી. યુએસએ ઈરાન પર હુમલા કરીને જવાબ આપ્યો, જેણે બદલામાં અરબ દેશોમાં હાજર યુએસ સૈન્ય સ્થાપનોને લક્ષ્ય બનાવ્યાં. 10 જુલાઈના રોજ, ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, યુદ્ધવિરામ સમાપ્ત થઈ ગયો છે. યુએસએ તેની નૌકાદળ નાકાબંધી ફરી શરૂ કરી અને બંને પક્ષોએ હુમલા વધારી દીધા.

વધુ હુમલાઓની ચેતવણી આપ્યા પછી ટ્રમ્પે 1 ઓગસ્ટે કહ્યું હતું કે, તેઓ હોર્મુઝની સામુદ્રધૂની ફરીથી ખોલવા માટે વાટાઘાટો માટે સમય આપવા નવા રાઉન્ડના હુમલાઓને રોકી રાખશે. ટ્રમ્પ વહીવટીતંત્રે ઈરાન પર આર્થિક દબાણ તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. સપ્ટેમ્બરની શરૂઆતમાં બંને પક્ષોએ મર્યાદિત ગોળીબાર ફરી શરૂ કર્યો, જ્યારે સામુદ્રધૂની ફરીથી ખોલવા અને યુદ્ધ સમાપ્ત કરવા માટે વિવિધ રાજનૈતિક પ્રયાસો ચાલુ રહ્યા. યુદ્ધ શરૂ થયું ત્યારથી યુએસ અને ઈઝરાયેલી હુમલાઓમાં સુપ્રીમ લીડર અલી ખામેની સહિત ઘણા ટોચના ઈરાની નેતાઓ માર્યા ગયા છે. ઈરાને અરબ રાજ્યો અને ઈઝરાયેલ સામે હુમલા કરીને તેમ જ આ ક્ષેત્રમાં યુએસ સૈન્ય સ્થાપનોને લક્ષ્ય બનાવીને અને હોર્મુઝની સામુદ્રધૂની દ્વારા શિપિંગને ધમકી આપીને બદલો લીધો હતો. આ યુદ્ધના કારણે લેબનોનમાં ઈઝરાયેલ અને હિઝબુલ્લા વચ્ચે નવેસરથી લડાઈ શરૂ થઈ ગઈ, જેમાં ઈઝરાયેલ દ્વારા મોટા પાયે બોમ્બધડાકા કરવામાં આવ્યા. લેબનીઝ અને ઈઝરાયેલી સરકારો અસ્થાયી યુદ્ધવિરામ માટે સંમત થઈ હતી જે 16 એપ્રિલથી શરૂ થયો હતો, પરંતુ ઈઝરાયેલી દળો અને હિઝબુલ્લાહના આતંકવાદીઓ વચ્ચે, ખાસ કરીને દક્ષિણ લેબનોનમાં લડાઈ ચાલુ રહી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ઉધારકા સિંદૂર

સમાજમાં કેટલીક વ્યક્તિઓ પોતાની પ્રસિદ્ધિ મેળવવા માટે અન્યની કૃતિઓ પોતાના નામે ચઢાવી દે છે. આવી વ્યક્તિઓ પોતાની કલમથી સિદ્ધિ મેળવવાને બદલે બીજાની મહેનતનો લાભ ઉઠાવે છે. આ પ્રવૃત્તિને લેખનચોરી કહેવાય છે. આવી વ્યક્તિઓ પૈસા ખર્ચીને પણ ખોટી પ્રસિદ્ધિ મેળવવાનો પ્રયાસ કરે છે. ગુજરાતી સાહિત્યમાં મહાન ગઝલકાર 'મરીઝ'ની રચનાઓ ખૂબ લોકપ્રિય હતી. તેમની ગઝલો ખરીદીને પોતાના નામે પ્રસિદ્ધ કરવાની લાલચ એક મુંબઈના ડૉક્ટરને થઈ. તેમણે 'મરીઝ'ના બદલે 'તબીબ' તખલ્લુસથી ગઝલસંગ્રહ બહાર પાડ્યો અને સમારંભનું આયોજન કર્યું. પરંતુ એક જાગૃત વ્યક્તિએ સત્ય જાહેર કરતાં ડૉક્ટરની ફજેતી થઈ. આવા બનાવો સાહિત્ય ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં પણ જોવા મળે છે. અખબારો અને સામયિકોમાં બીજાની રચનાઓ નકલી લેખકોના નામે પ્રસિદ્ધ થતી રહે છે. મૂળ લેખકની સંમતિથી કે તેની જાણ બહાર થતી આવી ચોરી અનૈતિક છે. સાચી પ્રસિદ્ધિ મહેનત, પ્રતિભા અને સર્જનાત્મકતાથી જ મળે છે. બીજાની કૃતિઓ ચોરીને મેળવેલી સિદ્ધિ ક્ષણિક હોય છે. તેથી દરેક લેખકે બીજાના સર્જનનું સન્માન કરવું જોઈએ અને પોતાની પ્રતિભાના આધારે જ નામના મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**સુરત - યૂસુફ એમ. ગુજરાતી**

## કોઈના આંગણાને દીવો બનીએ

દિવાળી એટલે માત્ર દીવડાઓનો ઝગમગાટ કે ફટાકડાઓનો ધમધમાટ નહીં, પરંતુ પ્રેમ, આનંદ અને માનવતાનો પવિત્ર તહેવાર. આ તહેવારમાં આપણે ઘરોને શણગારીએ છીએ, પરંતુ સમાજમાં એવા અનેક પરિવારો છે, જેમના ઘરમાં દીવો પ્રગટાવવા માટે તેલ કે કોડીયું ખરીદવાના પણ પૈસા હોતા નથી. કોઈ ગરીબ બાળક નવાં કપડાંની રાહ જુએ છે, તો કોઈ વૃદ્ધ એકલતામાં દિવાળીના દિવસો પસાર કરે છે. આવા સમયે આપણે આપણા સુખની સાથે બીજાના દુઃખને પણ સમજવું જોઈએ. કોઈ ગરીબ બાળકને નવાં કપડાં આપીએ, જરૂરિયાતમંદ પરિવારને અનાજ પહોંચાડીએ અને એકલવાયા વૃદ્ધ સાથે પ્રેમથી થોડો સમય વિતાવીએ. આપણા આ નાના પ્રયાસો કોઈના જીવનમાં મોટો આનંદ લાવી શકે છે. દિવાળી પહેલાં આપણે ઘરની સફાઈ કરીએ છીએ, તેમ મનમાંથી અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ અને રોષ દૂર કરીને પ્રેમ તથા માનવતાને સ્થાન આપવું જોઈએ. ફટાકડાનો પ્રકાશ થોડી ક્ષણો માટે રહે છે, પરંતુ માનવતાનો પ્રકાશ કોઈના હૃદયમાં વર્ષો સુધી ઝળહળે છે. આ દિવાળીએ દીવડાઓની સંખ્યા ગણવાને બદલે આપણા કારણે કેટલા ચહેરા પર સ્મિત આવ્યું તેની ગણતરી કરીએ. બીજાના અંધકારમય જીવનમાં આશાનો દીપ પ્રગટાવીએ. સાચી દિવાળી ત્યારે જ છે, જ્યારે આપણું આંગણું જ નહીં, પરંતુ બીજાનું જીવન પણ ખુશીઓથી ઝગમગી ઊઠે.

**નવસારી - મહાદેવભાઈ રાઠોડ**

## એસ.એમ.સી.ની કલાર્કની પરીક્ષા

તા. 11.10.26ના રોજ ત્રીજી શ્રેણીના કલાર્કની લેખિત પરીક્ષા હતી જેમાં એસ.એમ.સી.ના સત્તાધીશોની અનેક ખામીઓ ખૂબ જ સ્પષ્ટ રીતે છતી થઇ છે, જે વિચાર માંગી લે છે. પ્રથમ તો ઉમેદવારના રહેઠાણથી પરીક્ષાનું સ્થળ ખૂબ જ લાંબા અંતરનું રાખેલું તેમજ પરીક્ષાનો સમય 3 વાગ્યાનો હતો અને ઉમેદવારોને લેખિત સૂચના દ્વારા પરીક્ષા સ્થળ પર 1 વાગ્યે હાજર થઇ જવાની જાણ કરી હતી. જેના પરિણામે ઉમેદવારોએ ખૂબ જ ગરમીમાં બે કલાકનો સમય પસાર કરીને સહનશકિતની આકરી કસોટી આપી હતી. સુરતની બહારથી આવેલા ઉમેદવારોનાં વાલીઓને શાળામાં બેસવાની કોઇ પણ વ્યવસ્થા ન હતી તેમજ આટલી ગરમીમાં પીવાના પાણીની વ્યવસ્થાનો મોટો અભાવ જોવા મળ્યો હતો. પરીક્ષાનું લેખિત પેપર એ, બી, સી, ડી કેટેગરીમાં હતું જે બે કલાકમાં પૂરું કરવાનું હતું જે પેપરના ખૂબ જ મુશ્કેલ સવાલો જોતાં આ સમયમર્યાદામાં પૂરું કરવું લગભગ અસંભવ હતું. જેમાં દુકાળમાં અધિક માસ જેવું માઈનસ સીસ્ટમ હતી જે અનુસાર એક પ્રશ્ન ખોટો પડે તો 0.33 માર્કસ કપાઇ જાય. પરીક્ષા આપવા આવેલ મહત્તમ ઉમેદવારોએ એસએમસીના સત્તાધીશો સાથે શંકાશીલ અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. ભવિષ્યમાં આવી પરીક્ષા લેતાં પહેલાં સત્તાધીશો તેમની ખામીઓ દૂર કરે.

**સુરત - રાજુ રાવલ**

## ઘરની સાથે મનની પણ સફાઈ કરીએ

દિવાળી આવતાં જ આપણે ઘરના ખૂણેખૂણાને સાફ કરીને રંગરોગાનથી ચમકાવીએ છીએ. વર્ષભરનો કચરો, નકામી વસ્તુઓ અને જાળાં દૂર કરીએ છીએ. પરંતુ શું ક્યારેય આપણે મનની સફાઈ વિશે વિચાર્યું છે? જેમ ઘરમાં કચરો ભરાવાથી ગંદકી વધે છે, તેમ મનમાં નકારાત્મક વિચારો, કડવાશ અને અણગમો ભરાઈ રહેવાથી આંતરિક શાંતિ ભંગ થાય છે. આ દિવાળીએ ઘરની સાથે મનની સફાઈ કરવાનો પણ સંકલ્પ કરીએ. ભૂતકાળની અપ્રિય ઘટનાઓ અને કડવાં વેણને ભૂલીને અણગમતી યાદોના જાળાં દૂર કરીએ. 'હું નહીં કરી શકું' કે 'મારી સાથે જ આવું કેમ થાય છે?' જેવા નકારાત્મક વિચારોને બદલે આત્મવિશ્વાસ અને હકારાત્મકતાને સ્થાન આપીએ. બીજાઓની સાથે પોતાની ભૂલોને પણ ક્ષમા કરીએ. પ્રેમ, સંતોષ અને આશાના દીવા પ્રગટાવીએ. આ દિવાળીએ ઘરના કચરાની સાથે મનમાં રહેલી ઈર્ષ્યા, ક્રોધ, અહંકાર અને નિરાશાને પણ વિદાય આપીએ. યાદ રાખીએ કે સાચી દિવાળી ત્યારે જ ઉજવાય, જ્યારે આપણું ઘર દીવાઓથી ઝળહળે અને આપણું મન પ્રેમ, પ્રસન્નતા તથા આંતરિક આનંદથી પ્રકાશિત થાય.

**સુરત - ચારુલતા અનાજવાળા**

## શાબ્દિક માયાજાળ

ગુજરાતના વિકાસ મોડલના નામે સત્તા પ્રાપ્ત કર્યા બાદ સરકારે અનેક વાયદાઓ કર્યા. 'અચ્છે દિન આયેગા' જેવા નારાઓ દ્વારા લોકોને આશાવાદી બનાવવામાં આવ્યા. ધનિકોને લાભો મળતા રહ્યા, જ્યારે સામાન્ય જનતા મોંઘવારી, બેરોજગારી અને વધતી જતી અસમાનતાથી પરેશાન થતી ગઈ. વિકાસના નામે બુલેટ ટ્રેન અને વંદે ભારત જેવી યોજનાઓને પ્રાધાન્ય મળ્યું, પરંતુ સાબરમતી એક્સપ્રેસ, ગુજરાત ક્વીન અને વિરમગામ પેસેન્જર જેવી સામાન્ય લોકો માટે ઉપયોગી ટ્રેનોની સુવિધાઓ પણ એટલી જ મહત્ત્વની છે. સરકારની સફળતા માત્ર ભવ્ય યોજનાઓથી નહીં, આજનો યુવાન ખોટા વાયદાઓથી કંટાળી ગયો છે. તેને રોજગાર, સસ્તું શિક્ષણ, આરોગ્યસેવાઓ અને મોંઘવારીમાંથી રાહત જોઈએ છે. દેશના બંધારણ મુજબ દરેક નાગરિકને સમાન તક, ન્યાય અને સર્વધર્મ સમભાવ મળવો જોઈએ. ગુજરાતની દારૂબંધીની નીતિની અસરકારકતા અંગે પણ ગંભીર ચર્ચા થવી જોઈએ. ગેરકાયદેસર દારૂના વેપાર અને ગુનાખોરીને અટકાવવા નક્કર પગલાં જરૂરી છે. ગુજરાતની સાચી શાન તેની પ્રગતિ, શાંતિ, ભાઈચારો અને નાગરિકોની સમૃદ્ધિમાં રહેલી છે. સરકારની પ્રાથમિકતા નારાબાજી નહીં, પરંતુ જનકલ્યાણ અને જવાબદાર શાસન હોવી જોઈએ.

**સુરત - પંકજ મહેતા**

## જો હે શમા કલ હો ન હો

જીવન માણવાની ક્ષણો ક્યારેય ગુમાવવી ન જોઈએ. મિત્રો મિલન, જીવનસાથી સાથે પ્રાપ્ત થયેલી ફુરસદની પળો, સંતાનો સાથે મોજમસ્તીની પળો, સ્વજનો સાથે માણવાની પળો વિ. અનેક આનંદદાયી ક્ષણોને માણી લેવી કારણ કે કદાચ 'જો હે શમા કલ હો ન હો'. ક્યારે કોનો વિરહ સહન કરવાનો સમય આવી શકે એ માનવીના હાથની વાત નથી. તે જ પ્રમાણે આજે કરવાનું કાર્ય કાલ પર મુલતવી રાખવાનું પણ યોગ્ય નથી! મિત્રો-સ્વજનોને મળવાની ઈચ્છા થાય તો તુરંત અમલમાં મૂકી શકાય કારણ કે સમયના ગર્ભમાં શું રહેલું છે એ માનવી કળી નથી શકતો અને મળવાનો સમય ચૂકી જવાય અને ન બનવાનું બની જાય તો એનો વસવસો જિંદગીભર રહી જાય છે. ઘણી વાર બિમાર વ્યકિતની બાબતમાં આ પ્રકારનો વસવસો રહી જાય છે એના કરતાં જ્યારે જે ઈચ્છા પ્રગટે એ શક્ય હોય, સમયની અનુકૂળતા હોય ત્યારે એ ઈચ્છા પૂર્ણ કરી દેવી. કારણ કે વ્યકિત જીવનમાંથી 'એક્ઝીટ' લે ત્યાર પછી જ એની કિંમત સમજાય છે! ખાસ કરીને વૃધ્ધ માતા પિતાની બાબતમાં જેમની ખોટ આજીવન સાલે છે. એમની હાજરીમાં જ એમની આંતરડી ઠારવી. જેથી એમની ઉપેક્ષા કરી હતી એવી આત્મગ્લાનિ ન થાય.

**સુરત - નેહા શાહ**